**કુ.પી.એમ.પટેલ, ઓથોરીટી અંડર ધી પે.વે.એકટ,લેબર કોર્ટ, સુરત સમક્ષ**
**પે.વે. અરજી નં.૫૮/૨૦૨૦**

**આંક – ૫**

**અરજદાર :** શ્રી મોહન સોનાલાલ મુખિયા
ઠે. ૧૫૫, અપેક્ષા નગર, પોલીસ કોલોનીપાસે, પાંડેસરા,સુરત– ૩૯૪૨૨૧.
૮/૦. ગુજરાત શ્રમજીવી કામદાર યુનિયન,
ઠે. પ્લોટ નં.૧૨, અંબિકા નગર, દક્ષેશ્વર નગરની બાજુમાં,
ગુ.હા.બોર્ડ રોડ, પાંડેસરા,સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** દેવલ ટેક્ષટાઈલ્સ
ઠે. પ્લોટ નં. ૨૮૯– એ/બી, ભીડભંજન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી,
બમરોલી રોડ, પાંડેસરા,સુરત – ૩૯૪૨૨૧.

અરજદાર તરફે : વિ.પ્ર. શ્રી કલ્યાણભાઈ શહાણે
સામાવાળા તરફે : હાજર થયેલ નથી.

**હુકમ**

**૧.** સદર કામે અરજદારે (પરિશિષ્ટ મુજબના કામદારોએ) હાલની અરજી પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ (૨) મુજબ કરેલ છે. તેઓએ હાલની અરજી કરી પરિશિષ્ટ મુજબના કામદારોની પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની વિગતોએ રૂા.૪,૦૬,૫૦૦/– સામાવાળા પાસેથી મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.** સામાવાળાને ધોરણસરની નોટીસ કરતા તે બજી ગયેલ જેનુ એકનોલેજમેન્ટ આંક – ૪ થી રજુ છે. તેમ છતાં સામાવાળા તરફે કોઈ હાજર ન થતા તેઓનો જવાબ રજુ કરવાનો હકક બંધ થયેલ છે.

**3.** અરજદાર તરફે પુરાવા રજુ કરવા ઘણા સમયથી કામ છે. તેમ છતા અરજદાર તરફે પુરાવો રજુ કરેલ નથી. અરજદાર તર્ફે પુરાવો રજુ કરવા માટે ઘણા લાંબા સમયથી કોઈ મુદ્દત અરજી નથી

કે રજુઆત નથી. આજરોજ પણ અરજદાર તરફે કોઈ રજુઆત કે મુદ્દત અરજી નથી.

**૪.** અરજદાર તરફે પોતાની અરજીના સમર્થનમાં કોઈ પુરાવા રજુ કરેલ નથી. સામાવાળા તરફે કોઈ પુરાવા રજુ ન થાય તો પણ અરજદારે પોતાની અરજીની હકીકતો પોતાના પુરાવાથી પુરવાર કરવાની હોય છે.તા.૨૦/૦૧/૨૦૨૩ થી આજ દિન સુધી અરજદાર તરફે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ નથી કે મુદ્દતની માંગણી કરેલ નથી. અરજદાર તરફે પુરાવા રજુ ન કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ જાહેર કર્યો.

સુરત.
તા.૨૧/૧૧/૨૦૨૩

(PARSHAVIKA MADHUSUDANBHAI PATEL)
Authority under the P.W.Act
Labour Court No.3, Surat
U.I.C. No. GJ01267